**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓન ફાર્મ રીસર્ચ યોજના અંતર્ગત ઘઉં, ચણા અને મકાઇ પાકોની ખેતી પદ્ધતિ વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ અને કીટ વિતરણ પ્રોગ્રામ યોજાયો.**

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ ઓન ઈન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ અંતર્ગત તા.૨૦/૧૦/૨૦૨૨ અને ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ **ઘઉં, ચણા અને મકાઇ પાકોની ખેતી પદ્ધતિ વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ અને કીટ વિતરણ પ્રોગ્રામ**નું આયોજન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં ડૉ.વાય.બી.ચૌહાણ, યુનિટ વડાશ્રીએ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂતોને વાકેફ કર્યા, તેઓશ્રીએ ઘઉં, ચણા અને મકાઇ પાકોમાં રોગજીવાત નિયંત્રણ વિશે પણ માહિતી આપી, ડૉ.સી.જે.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (અગ્રોનોમી) દ્વારા ઘઉં, ચણા અને મકાઇ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને પ્રવાહી જૈવિક ખાતરની ઉપયોગીતા તેમજ વાપરવાની રીત વિશે સમજ આપી, શ્રી એસ. વી રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (જમીન) દ્વારા શિયાળું પાકોમાં ખાતર વ્યવસ્થાપન અને ડૉ. એ.વાય.માકાણી (રીસર્ચ એસોસીએટ) દ્ધારા ઘઉં, ચણા અને મકાઇ પાકોની વિવિધ જાતો વિષે ખેડૂતોને માર્ગદર્શન આપેલ. કાર્યકમના અંતે ઘઉં, ચણા અને મકાઇ પાકોનું બિયારણ અને પ્રવાહી જૈવિક ખાતરની કિટનું વિતરણ કરવામાં આવેલ. આ એક દિવસીય તાલીમ વર્ગમાં ગરબાડા તાલુકાના આંબલી અને વડવા ગામના કુલ ૩૦ ખેડૂતોએ ભાગ લીધો હતો.

આ એક દિવસીય તાલીમનું સંપૂર્ણ સંકલન શ્રી ડી. જે. ગોહિલ, ખેતી મદદનીશ અને ડૉ.એચ.કે.દેસાઇ, (રીસર્ચ એસોસીએટ) તેમજ સપના એસ.મુનીયા, યંગ પ્રોફેશનલ દ્ધારા કરવામાં આવેલ હતું.














TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE




TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE


આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીયા